બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૨ માર્ચ, ૨૦૧૪)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ પ્રશ્નની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

## ☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

## ☞ વિશેષ નોંધ ☜

આપ જ્યારે પેપર તપાસો ત્યારે જ્યારે લાંબા જવાબોમાં દા. ત. ટૂંકનોંધ, પાંચ મુદ્દાના વાક્યો, કારણો વગેરે પ્રશ્નોમાં આપ જ્યારે ફાળવેલા ગુણ કરતાં ઓછા ગુણ આપતાં હોવ ત્યારે પરીક્ષાર્થીએ કયો મુદ્દો નથી લખ્યો જેના તમે ગુણ કાપ્યા છે. તેની તમે ટૂંકમાં ડાબી બાજુ ઉપર નોંધ લખો. દા.ત. માર્ચ-૨૦૧૩માં પ્રવેશ-૧ માં 'જોબનપગીનું પરિવર્તન' ટૂંકનોંધ પૂછાઈ હતી. જેમાં જોબનપગી પ્રાર્થના કરતાં પોતાના દોષનું વર્ણન કરતાં કહે છે. 'પ્રભુ ! હું કુળહીન, કુટિલ, કુપાત્ર, બુદ્ધિહીન છું. મેં આપને ન ઓળખ્યા. દીનબંધુ ! દયા કરો. મારું મહાપાપ મટાડો.' આ મુદ્દો પરીક્ષાર્થીએ નથી લખ્યો તો બાજુમાં તમે લખી શકો કે 'પોતાના દોષ કહે છે.' આટલું જ લખવાનું છે અને તમે ગુણ ઓછા આપી શકો છો એટલે કે ફાળવેલ ગુણ કરતાં ઓછા ગુણ આપતાં પહેલાં બાજુમાં કયો મુદ્દો નથી તેની ટૂંકમાં નોંધ લખવી જરૂરી છે.

### (વિભાગ - ૧ : સહજાનંદ ચરિત્ર, ચૌદમી આવૃત્તિ, માર્ચ - ૨૦૧૨)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. "તમારે અન્ન જોઈતું હોય તો જમાડીએ." (૨/૯)
➩ મહારાજ - મગનીરામને
➩ મગનીરામે મહારાજને કહ્યું : 'દસ હજાર રૂપિયા આપો નહિ તો આખું શહેર સમુદ્રમાં ડુબાડી દઈશ.' ત્યારે મહારાજ કહે છે અમારી પાસે રૂપિયા નથી.

૨. "આ આપના નાના ભાઈ ઈચ્છારામભાઈ આવ્યા છે." (૨૦/૧૦૫)
➩ મુક્તાનંદ સ્વામી - મહારાજને
➩ છપૈયાથી લોયા આવેલા ઈચ્છારામભાઈ મહારાજને મળે છે. ત્યારે મુક્તાનંદ સ્વામી તેમની ઓળખ આપતાં કહે છે.

૩. "મારે લીધે એ આંધળો થયો છે ?" (૧૦/૬૪)
➩ મહારાજ - સત્સંગીને
➩ ફરતાં ફરતાં મહારાજ વીસનગર પધાર્યા. ત્યારે તેમને સત્સંગી પાસેથી શોભારામ આંધળો થયાની વાત મળી. ત્યારે મહારાજ કહે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. શ્રીજીમહારાજના હરિભક્તોને જોઈ બિશપ હેબર છક થઈ ગયા. (૨૪/૧૨૪-૧૨૫)

જ. મહારાજની આજ્ઞાથી મીઠાઈના પડિયા અને હારતોરા લઈને વાણિયા શેઠ, કોળી ઠાકુર, રાજપૂત, રાયત અને મુસલમાન એવા છ હરિભક્તો બિશપ હેબરને મળવા ગયા ત્યારે પરસ્પર વિરોધી સ્વભાવવાળા છતાં એક જ સંસ્કારવાળા જુદી કોમના છે. એ લોકોના કપાળમાં તિલક ચાંદલો જોઈને બિશપ હેબર છક થઈ ગયા. **અથવા** તા. ૨૬-૩-૮૫, રવિવારનો દિવસ આવ્યો. મહારાજ ડભાણથી ઘોડી પર બેસી નડિયાદ જવા નીકળ્યા. ત્રણસો જેટલા હરિભક્તો સાથે હતા. તેમાં બંદૂકવાળા પચાસ પદાતિ હતા. કેટલાક સાધુઓ, ભક્તો અને કાઠીઓ અંગરક્ષકોની સાથે હતા.

૨. ગઢડાની બજાર ફરી પાછી કામકાજથી ધમધમવા લાગી. (૧૮/૧૦૧)

જ. મહારાજે બાળકને હેતથી પાસે બોલાવીને ક્યાં થૂંકવું, ક્યાં ન થૂંકવું વગેરે ચીવટ રાખવાનું સમજાવીને મહારાજ પોતે સામે ચાલીને જૈન સાધુ પાસે જઈને બાળકથી થયેલ ભૂલનું ભાન કરાવ્યું. મધુર વચન અને વિનયથી બાળકને ક્ષમા આપવા કહ્યું. તે જૈન સાધુને આદર સન્માન આપ્યાં. જૈન સાધુના મનનું સમાધાન થતાં તેને પોતાનો સાધુ ધર્મ સમજાતાં પોતાનાં આશ્રિતોને સમજાવતાં તરત જ હડતાલ ખૂલી ગઈ અને ગઢડાની બજાર ફરી પાછી કામકાજથી ધમધમવા લાગી.

ઉ. શ્રીજીમહારાજ બોલ્યા, ''ભલા થઈને કોઈ શિક્ષાપત્રીની આજ્ઞા લોપશો નહિ.'' (૨૬/૧૩૭)

જ. બરવાળામાં એક ભક્તે મહારાજને પોતાના ઘેર આમંત્ર્યા પણ પોતાનું ઘર સાંકડું હોવાથી મોટાભાઈના ડેલામાં મહારાજને બેસારી તેઓ સીધું-સામાન લેવા ગયા. એટલામાં તેનો મોટોભાઈ આવ્યો અને મહારાજને ડેલા બહાર કાઢ્યા. તેથી મહારાજે કહ્યું : 'આપણે શિક્ષાપત્રી લખી અને આપણે જ તોડી, તો દુઃખ આવ્યું. માટે ભલા થઈને કોઈ શિક્ષાપત્રીની આજ્ઞા લોપશો નહિ.

**પ્ર.૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**૧. વ્યસનમુક્તિની રીત (૫/૩૩-૩૪)** સ્વામિનારાયણ સંપ્રદાયની છાપ ઊજળા પંથ તરીકે પડી હતી. તેમણે લોકોનાં જીવનમાંથી દુર્ગુણો, દુરાચરણો અને વ્યસનો, લોકોને પ્રેમથી વશ કરીને ફરજ પાડ્યા વગર કે દબાણ કર્યા વગર સહજ રીતે લોકોને નિર્વ્યસની કર્યા. ખંભાળાના ગરાશિયા મૂળુખાચર મહારાજનાં દર્શને આવ્યાં. મહારાજે તેમને સત્સંગી થવાનું કહ્યું. ત્યારે તેમણે કહ્યું : 'મારે અફીણ અને હોકાનું વ્યસન છે, મારાથી તે છૂટે નહિ. તેથી હું સત્સંગી થઈશ નહિ.' ત્યારે મહારાજે કહ્યુંઃ 'તમે મૂકવાનો પ્રયત્ન કરજો. ન મૂકાય તો કાંઈ નહિ, પણ વર્તમાન ધરાવી સત્સંગી થાઓ. કાંઈ નહિ તોય પાંચ વર્તમાન પાળજો.' આ સાંભળીને મૂળુખાચરને હિંમત આવી. તે વર્તમાન લઈને સત્સંગી થયા. ગઢડામાં મહારાજ પાસે રહ્યા. કથામાંથી નવરા પડે એટલે હોકો પી આવે. મહારાજ સમૈયો કરવા સંઘ સાથે વરતાલ જવા નીકળ્યા ત્યારે મૂળુખાચરને પણ વરતાલ આવવા કહ્યું. તેથી મૂળુખાચર મહારાજના સંઘ સાથે વરતાલ ગયા. રસ્તામાં વિરામ કરવાના ગામે મૂળુખાચરને હોકો પીતા જોઈ ગામ લોકો કહેતા, ''આ બધા સ્વામિનારાયણિયા લાગે છે, પણ પેલો હોકો ગગડાવે છે ઈ સ્વામિનારાયણિયો નથી લાગતો.'' તેથી મૂળુ ખાચરે હોકો પીવાનું છોડી દીધું. હવે મૂળુખાચર છાનામાના તમાકુ અને અફીણ ખાઈ લેતા. સંઘ વરતાલ આવ્યો. હરિભક્તોએ સર્વ સત્સંગીઓ સાથે સંઘને ઉતારો આપ્યો. મૂળુખાચર ઉતારે તમાકુ અને અફીણ ખાઈ લેતા. સૌ સત્સંગીઓએ આ જોયું. પછી સભામાં મહારાજે ગુજરાત અને કાઠિયાવાડના સત્સંગીઓને એકબીજાની ઓળખાણ કરાવી. બધા એકબીજાને ભેટ્યા. પણ 'આ તમાકુ ને અફીણ ખાનારો સત્સંગી નથી લાગતો' એમ બોલતા હરિભક્તો તેને ભેટતા નહિ. મૂળુખાચરે ત્યાં જ નિશ્ચય કરીને તમાકુ અને અફીણ ખાવાં છોડી દીધાં. આ વાતની મહારાજને ખબર પડતાં તેમને બોલાવીને પૂછ્યું : 'તમે કોની શિખામણથી વ્યસનો છોડ્યાં ?' ત્યારે મૂળુખાચરે કહ્યું : 'કુસંગીની ટકોરથી હોકો છોડ્યો અને સત્સંગીની ટકોરથી તમાકુ ને અફીણ છોડ્યાં. આ સમયે મને લાવીને, વ્યસનની ગુલામીમાંથી છોડાવી, મારુ જીવતર સુધાર્યું.'

**૨. ગાજરડાં મારાં વૈરી (૭/૪૮-૪૯)** અલૈયાના ગામ ઝીંઝાવદરમાં મહારાજે નવું પ્રકરણ ફેરવ્યું. 'જમતી વખતે સૌએ ધ્યાન કરવું. પીરસાઈ રહે, 'જય' બોલાય ત્યારે બંધ આંખો રાખીને થાળીમાં હાથ નાંખવો. જેના પર પ્રથમ હાથ પડે તે જ જમવું.' બાર વાગે સૌ જમવા બેઠા. આંખ મીંચીને મહારાજે 'જય' બોલાવી. સુરાખાચરનો હાથ ગાજરના અથાણામાં પડ્યો. તેમાં મીઠુંય ખૂબ અને મરચુંય ખૂબ. મોંમાં એક કટકી ગાજરની નાખી ત્યાં તો હેડકી ઊપડી. આંખમાં પાણી આવ્યાં. માથાના મોવાળા ઊભા થઈ ગયા. હવે શું કરવું ? સુરાખાચરે પાણી પીધું. હેડકી શમી ગઈ. પછી સુરાખાચર ગાવા લાગ્યાં : 'હો વ્હાલા, ગાજરડાં મારાં વૈરી રે....' મહારાજ હસી પડ્યા અને કહ્યું : 'કેમ કેવું સુખ આવ્યું ?' સુરાખાચર કહે : 'મહારાજ ! આ સુખના તો સૌએ ભાગી થવા જેવું છે.' મહારાજે દયા કરી સુરાખાચરને દૂધપાક ખાવાની આજ્ઞા કરી.

**૩. ગરીબ નવાજ (૧૪/૮૫-૮૬)** લાંઘણોજમાં બે સત્સંગી બાઈ. એક ગરીબ નામ ભાવસાર સોનબાઈ. બીજી શ્રીમંત નાગર બ્રાહ્મણ નામ ગંગાબા. સોનબાઈએ મહારાજને અને સંતોને ઘેર જમવા આમંત્રણ આપ્યું. ગંગાબાને આ વાતની ખબર પડી. સીધી સોનબાઈ પાસે ગઈ. કહ્યું, 'તારી પાસે ઉંચી જાતના દાળ-ચોખા નથી તારાં દાળ-ચોખા હલકા છે. માટે તું સાધુઓને રસોઈ કરી જમાડ અને મહારાજ માટે સારાં દાળ-ચોખામાંથી બનાવેલો થાળ કરી હું મહારાજને જમાડવા આવીશ.' ગરીબ સોનબાઈને મનમાં ઓછું આવ્યું. દુઃખી હૃદયે હા પાડી. મનમાં થયું, 'મારા દાળ-ચોખા હલકા છે. મહારાજના કામમાં મારું સીધું ન આવ્યું.' બપોર સમયે મહારાજ ચાખડીયે ચડી સોનબાઈને ઘેર જમવા પધાર્યા. સોનબાઈનું ઝાંખુ પડી ગયેલું મોં તથા આંખમાં ઝળઝળીયાં જોયાં તેથી મહારાજે તેના દુઃખનું કારણ પૂછ્યું. સોનબાઈએ રોતાં રોતાં બધી હકીક્ત કહી. મહારાજે કહ્યું : 'તમારા ઘરમાં જે રસોઈ તૈયાર હોય તે લાવો. અમે તમારું અન્ન જમીશું.' સોનબાઈ રાજી થઈ મહારાજને પાટલો ઢાળી જમવા બેસાર્યા. મહારાજ જમી રહ્યા ત્યાં ગંગાબા થાળી પીરસી, બ્રાહ્મણ પાસે ઊંચકાવી લઈને ઘરમાં પ્રવેશ્યાં. તેમને જોઈને મહારાજે ટકોર કરતા કહ્યું, : 'હું તો જમ્યો. અમને સોનબાઈની રસોઈ બહુ ભાવી. હવે આ થાળ તમે અને સોનબાઈ જમી લો.' ગંગાબાને અંતર્દષ્ટિ થઈ, પોતાની ભૂલ સમજાઈ. સોનબાઈનો ભાવ ઓળખાયો.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શ્રીજીમહારાજે પોતાના પ્રાગટ્યના છ હેતુઓ કોને કહ્યા ? (૨૦/૧૦૩)

જ. શ્રીજીમહારાજે પોતાના પ્રાગટ્યના છ હેતુઓ ગોપાળાનંદ સ્વામીને કહ્યા.

૨. શ્રીજીમહારાજે સુરાખાચરને અપશબ્દ બોલવા બદલ શું પ્રાયશ્ચિત્ત આપ્યું ? (૧૧/૬૮)

જ. શ્રીજીમહારાજે સુરાખાચરને અપશબ્દ બોલવા બદલ પ્રાયશ્ચિત્તરૂપે એકાવન માળા ફેરવવાનું કહ્યું.

૩. શ્રીજીમહારાજે અંતિમ મંદવાડ વખતે કયા ગામમાં કયા હરિભક્તને ત્યાં પધરામણી કરી ? (૨૯/૧૫૦)

જ. શ્રીજીમહારાજે અંતિમ મંદવાડ વખતે રોજકા ગામમાં કાકાભાઈ નામના હરિભક્તને ત્યાં પધરામણી કરી.

૪. રાંધેલું અન્ન ભિક્ષામાં લેવા પરમહંસો શા માટે તૈયાર ન હતા ? (૭/૪૫)

જ. 'ગમે તેના હાથનું રાંધેલું અન્ન કેમ ખવાય ?' માટે રાંધેલું અન્ન ભિક્ષામાં લેવા પરમહંસો તૈયાર ન હતા.

૫. અગણોતેરા કાળમાં શ્રીજીમહારાજે દાદાખાચરના દરબારમાં ત્રણ ઓરડાઓને કયા નામ આપ્યાં હતાં ? (૧૨/૮૦)

જ. અગણોતેરા કાળમાં શ્રીજીમહારાજે દાદાખાચરના દરબારમાં ત્રણ ઓરડાઓને ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છ એવાં નામ આપ્યાં હતાં.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

> **☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૩, ૪ (૨/૮) **૨.** ૨, ૩ (૨૮/૧૪૧)

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

**૧.** વડતાલ, બાર (૧૫/૮૮-૮૯) **૨.** ગોપાળાનંદ, છાણી (૨૫/૧૩૨) **૩.** સોરઠ, અક્ષરધામ (૨૬/૧૩૬)

**૪.** નિર્ગુણાનંદ, ધાબળો (૨૩/૧૧૯)

**(વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૨ નવમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૦)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

> **☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''તમારે તો આણું આવ્યું ?'' (૭/૪૯) ➪ સ્વામી - જાગા ભક્તને

➪ ગઢડાના મહંત મહાપુરુષદાસનો આચાર્ય મહારાજ ઉપરનો ભલામણ પત્ર લઈને જાગા ભક્તના પિતાશ્રી રાઘવ ભક્ત જ્યારે જાગા ભક્તને લેવા જૂનાગઢ આવે છે. ત્યારે

૨. ''બસ કરો. આ પદો ના ગાશો.'' (૨/૧૫)

➪ દાદાખાચર - પ્રેમાનંદ સ્વામીને

➪ મહારાજના ધામમાં ગયા પછી મહારાજની સ્મૃતિ થઈ આવતાં પ્રેમાનંદ સ્વામી 'સજની શ્રીજી મુજને...' વિરહનું પદ ગાતા હતા. તે દાદાખાચર સાંભળી શક્યા નહિ તેથી કહ્યું.

૩. ''આપનાં દર્શનથી મને શાંતિ થઈ ગઈ.'' (૪/૩૦)

➪ અયોધ્યાપ્રસાદજી મહારાજ - સ્વામીને

➪ સંવત ૧૯૨૩ની સાલમાં અયોધ્યાપ્રસાદજી માંદા પડ્યા ત્યારે તેમને તેર ઉપવાસ થયા હતા. માનસિક અશાંતિ પણ હતી. તેથી સ્વામીને અમદાવાદ તેડાવ્યા હતા. સ્વામી જ્યારે તેમની પાસે આવ્યા ત્યારે કહે છે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. શ્રીજીમહારાજે તેજા ઠક્કર પાસે ભેંશની માંગણી કરી. (૬/૪૩-૪૪)

જ. તેજા ઠક્કર નવી ભેંશ લાવેલા તેનું તાંબડી ભરી દૂધ મહારાજ માટે મોકલ્યું. મહારાજને દૂધ બહુ મીઠું લાગ્યું. તેથી લાડુબાને સંકલ્પ થયો કે મહારાજને પિવરાવવાને માટે આપણે આ ભેંશ હોય તો કેવું સારું ?' તેજા ઠક્કર આવ્યા એટલે મહારાજે તે દૂધ વખાણ્યુ અને તેમની ભેંશ જોવા જાતે પધાર્યા. પછી મહારાજે ભેંશની માગણી કરી.

૨. અદા પોતાના શિષ્યોને બોચાસણ જવા કહેતા. (૮/૬૫)

જ. અદા પોતાના શિષ્યોને બોચાસણ જવા કહેતા : 'અક્ષરપુરુષોત્તમનું જે જ્ઞાન અત્યાર સુધી ખૂણિયું હતું. તે હવે ચરોતરના ચોકમાં ગાજવા લાગ્યું. માટે જેને અક્ષરપુરુષોત્તમની છડે ચોક વાત કરવી સાંભળવી હોય તેણે બોચાસણ જવું.'

**પ્ર.૯** 'નિત્યાનંદ સ્વામીની સર્વોપરી નિષ્ઠા' (૧/૪-૫) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

શ્રીજીમહારાજના સ્વરૂપને વિષે નિત્યાનંદ સ્વામીને સર્વોપરીભાવની દૃઢ નિષ્ઠા હતી. વરતાલમાં જ્યારે 'સત્સંગિજીવન' ગ્રંથ લખાતો હતો, ત્યારે મહારાજના સ્વરૂપ સંબંધી વાત નીકળી. ઘણા મોટેરા પરમહંસોએ મહારાજને રામ, કૃષ્ણ વગેરે અવતારો જેવા જ કલ્પ્યા હતા. તે વખતે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : 'શ્રીજીમહારાજ તો સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, પરાત્પર સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે. તેમને બીજા અવતાર જેવા કેમ કહેવાય ?' આ પ્રસંગે સંતોમાં મોટો મતભેદ ઊભો થયો. સ્વયં શ્રીજીમહારાજ પણ નિત્યાનંદ સ્વામીના મતથી વિરુદ્ધ પડ્યા. મહારાજે તેમને ઘણું સમજાવ્યા છતાં સ્વામી તો તેમના

નિશ્ચયમાં પર્વતપ્રાય હતા, તેથી જરા પણ ડગ્યા નહિ. છેવટે તેમને દુરાગ્રહી કહીને શ્રીજીમહારાજે વિમુખ કર્યા. સ્વામી તો સભામાં આવતા બંધ થયા. જમવા પણ ન જાય. અખંડ ધ્યાન-ભજનમાં મસ્ત રહેવા લાગ્યા. આમ સાત દિવસ ગયા. આઠમા દિવસે શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીને સભામાં બોલાવી ને તેમની પૂજા કરી પ્રસાદીનો હાર આપ્યો. સૌને ઘણું આશ્ચર્ય થયું. ત્યારે મહારાજે પરમહંસોને કહ્યું : 'આ નિત્યાનંદ સ્વામીની સમજણ સાચી છે. ઉપાસક તો આવા હોવા જોઈએ. માટે તમારે સર્વેએ પણ આ પ્રમાણે જ અમારા સ્વરૂપની ઉપાસના કરવી.'

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. પ્રેમાનંદ સ્વામીની સંગીત સુરાવલિથી કોણ મુગ્ધ થયા ? (૨/૧૫)

જ. પ્રેમાનંદ સ્વામીની સંગીત સુરાવલિથી (ગ્વાલિયરના) ગવૈયાઓ મુગ્ધ થયા.

૨. શ્રીજીમહારાજે વિમુખ કર્યા પછી મૂળજી બ્રહ્મચારી ક્યાં અને કોની પાસે રહ્યા ? (૩/૨૩)

જ. શ્રીજીમહારાજે વિમુખ કર્યા પછી મૂળજી બ્રહ્મચારી ડભાણમાં રામદાસભાઈ પાસે આવીને રહ્યા.

૩. શ્રીજીમહારાજે દાદાખાચરનાં બીજી વારનાં લગ્ન કોની સાથે કરાવ્યા ? (૫/૩૮)

જ. શ્રીજીમહારાજે દાદાખાચરનાં બીજી વારનાં લગ્ન જસુબા સાથે કરાવ્યા.

૪. કરસનજીભાઈનાં લગ્ન કોની સાથે થયા હતા ? (૮/૬૧)

જ. કરસનજીભાઈનાં લગ્ન લાડકીબા સાથે થયા હતા.

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : અયોધ્યાપ્રસાદજી મહારાજની આત્મનિષ્ઠા (૪/૨૭-૨૯)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | ૧ | ૪ | ૬ | ૭ | ૯ | ૧૧ |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | ૧ | ૧૧ | ૪ | ૬ | ૭ | ૯ |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરો : જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો. (૨) યથાર્થ ઘટનાક્રમ : ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચું ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો .**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **ભક્તરાજ લાડુબા :** બોટાદના ખોડા ધાધલ સાથે તેમનાં લગ્ન થયાં હતાં; પરંતુ તેમની વૃત્તિ તો ભગવાનમાં જોડાયેલી જ હતી. આથી, ખોડા ધાધલે એમને રાજીખુશીથી ભગવાન ભજવાની રજા આપી ઘેર વળાવ્યાં. (૬/૪૧)

૨. **સ્વામી જાગા ભક્ત :** આ સમાચાર વાંચી શાસ્ત્રીજી મહારાજે ભાવનગર જવાનું બંધ કરી, તરત જ તે પાળાને ઘોડા ઉપર સારંગપુર મોકલ્યો. પોતાનું પત્તર તથા પૂજા-ધોતિયાં મંગાવ્યાં અને એક નાના સાધુને લઈને તે જ દિવસે બોટાદથી સીધા ઢાંગરા પધાર્યા. (૭/૫૮)

૩. **પ્રેમસખી પ્રેમાનંદ :** થોડી વારે એક પીંજારો સવારે જંગલ જતો હતો તે ત્યાં આવ્યો. તેની નજર ઝાડની બખોલમાં પડી અને ત્યાં આ બાળકને જોઈ તેને અંતરમાં આનંદ થઈ ગયો. (૨/૯)

૪. **શ્રીકૃષ્ણજી અદા :** હેતવાળા હરિભક્તો તરફથી અનેક પ્રકારની સહાય મળી શકતી હોવા છતાં સ્વામીની આજ્ઞાનુસાર તેઓ દરરોજ આઠ ઘેર ભિક્ષા માગવા જતા અને ઝોળીમાં જે કાંઈ આવે તેમાંથી દશાંશ ભાગ ઠાકોરજીને મંદિરમાં અર્પણ કરીને પછી જ ઘેર જતા અને રસોઈ કરીને જમતા. (૮/૬૪)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ : નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિકતા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

૧. **બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનાં અમૂલ્ય પ્રદાનો : સિદ્ધાંત, સંસ્થા અને સત્પુરુષ :** અક્ષરપુરુષોત્તમ સંસ્થાના આદ્ય સ્થાપક શાસ્ત્રીજી મહારાજનાં અમૂલ્ય પ્રદાનોની આ સંસ્થાને પ્રાપ્તિ. આ સંસ્થાને તેમણે આપેલ પ્રદાનોનું મૂલ્ય આંકી શકાય તેમ નથી. **૧. પ્રથમ અમૂલ્ય પ્રદાન - સિદ્ધાંત :** કોઈપણ સંસ્થા તેના સિદ્ધાંતને વરેલી હોય જ. સિદ્ધાંત જ સંસ્થાનું સર્વસ્વ, સિદ્ધાંત જ સંસ્થાનો પાયો, ઈમારત બધું જ સિદ્ધાંતમાં સમાવિષ્ટ. શાસ્ત્રીજી મહારાજે સ્થાપેલ સંસ્થાનો સિદ્ધાંત 'અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવી' અથવા 'અક્ષરરૂપ થઈને પુરુષોત્તમમાં જોડાવું' એ શ્રીજી કથિત સિદ્ધાંત આ સંસ્થાનો પાયો. આ સિદ્ધાંતને મુમુક્ષુ સુધી પહોંચાડવા તેમજ મુમુક્ષુઓના, હરિભક્તોના આત્યંતિક કલ્યાણ માટે, તેમજ આ સિદ્ધાંતના પ્રવર્તન માટે શાસ્ત્રીજી મહારાજે અનેક કષ્ટો વેઠીને પણ સંસ્થાની સ્થાપના કરી. (પ્રસંગો લખવા) શાસ્ત્રીજી મહારાજ સિદ્ધાંત માટે ખૂબ ઝઝૂમ્યા. સિદ્ધાંતમાં બાંધછોડ નહિ. તે સિદ્ધાંત માટે પોતાનું સર્વસ્વ જીવન હોડમાં મૂકી દીધું. આ પ્રદાનનું કોઈ મૂલ્ય આંકી શકાય તેમ નથી. **૨. દ્વિતીય અમૂલ્ય પ્રદાન - સંસ્થા :** શાસ્ત્રીજી મહારાજ દ્વારા અક્ષરપુરુષોત્તમ સંસ્થાની સ્થાપના તે તેઓનું બીજું અમૂલ્ય પ્રદાન - સંસ્થાનો સિદ્ધાંત (અક્ષરપુરુષોત્તમનો તે સનાતન સિદ્ધાંત) - આ સિદ્ધાંતમાં કોઈ છૂટછાટ નહિ. આ સંસ્થાના અનુયાયીઓ ત્યાગી ગૃહી સર્વને અક્ષરરૂપ થાય તો જ પુરુષોત્તમની ભક્તિ કરી શકે અને તો જ મોક્ષનું દ્વાર ઉઘાડું થાય અને આત્યંતિક કલ્યાણ થાય - અનેક સંસ્થાઓની સ્થાપના થઈ અને સિદ્ધાંત વિહીન સંસ્થાઓનો નાશ પણ થયેલ છે. અક્ષરપુરુષોત્તમ સંસ્થા શતાબ્દિની ઊજવણી કરીને ઉત્તરોત્તર પ્રગતિના પંથે - વિશ્વના પંચાવનથી વધારે દેશોમાં સંસ્થાનો ધ્વજ ફરકે છે. ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ તેમજ ગુરુ પરંપરા દ્વારા અનેક ભક્તો આત્યંતિક કલ્યાણને પામ્યા છે. આ સિદ્ધાંત પ્રમાણે ભક્તિ કરીને જીવન જીવીને મોક્ષ માર્ગના અધિકારી થયેલ છે. (ભક્તોના પ્રસંગો લખી શકાય) આ અમૂલ્ય પ્રદાન તેનું કોઈ મૂલ્ય થઈ શકે નહિ. આઠ આવરણ પાર આવેલ અક્ષરધામમાં પહોંચવા માટે આ સિદ્ધાંતના પાલનથી ભક્તોને મુમુક્ષુઓને આત્યંતિક કલ્યાણની પ્રતીતિ. **૩. તૃતીય અમૂલ્ય પ્રદાન - સત્પુરુષ :** અનેક વચનામૃતોમાં શ્રીજીમહારાજ દ્વારા સત્પુરુષનો અતિશય મહિમા - સત્પુરુષ એ મોક્ષનું દ્વાર. ભગતજી મહારાજથી માંડીને વર્તમાનકાળે સ્વામીશ્રી શ્રીજીમહારાજે કહેલ મહિમા ધરાવતા સત્પુરુષો. શાસ્ત્રીજી મહારાજ પોતે એવા વિરલ અજોડ સત્પુરુષ - જેનો મહિમા વેદ ઉપનિષદ ગાય છે તેવા સત્પુરુષ - શાસ્ત્રીજી મહારાજ દ્વારા યોગીજી મહારાજની ઓળખાણ - શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજનો કહેલ મહિમા - આ ઉપરાંત પ્રમુખસ્વામી જેવા સત્પુરુષની સંસ્થાને શાસ્ત્રીજી મહારાજ દ્વારા ભેટ - સ્વામીશ્રી દ્વારા સંસ્થાના વિકાસની હરણફાળ - હજારો મંદિરો, હજારો સંતો તેમજ લાખો શિષ્ય સમુદાય ધરાવતી સંસ્થા - શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રમુખ સ્વામીની ભેટ એટલે કે અમૂલ્ય પ્રદાન - એવું પ્રદાન કે સંસ્થાને અનેક વર્ષોનું સુખ આપ્યું - આ સંસ્થાના પાયા પાતાળે નાખ્યા - જેની કાંકરી પણ કોઈ ખેરવી શકે તેમ નથી. સ્વામીશ્રી જેવા સંતનું (સત્પુરુષનું) સંસ્થાને પ્રદાન કરીને શાસ્ત્રીજી મહારાજે વિશ્વમાં ડંકો વગાડી દીધો છે. **ઉપસંહાર :** આમ, શાસ્ત્રીજી મહારાજમાં રહીને શ્રીજીમહારાજ કાર્ય કરે છે તેની પ્રતીતિ તેમણે આપેલ આ ત્રણ અમૂલ્ય પ્રદાનોથી થાય છે.

૨. **B.A.P.S. સંસ્થા : સેવાની ભાગીરથી :** (૧) ભાગીરથી એટલે ગંગા નદી. આ નદીને પૃથ્વી પર લાવવા માટે ભગીરથ રાજાનો ભગીરથ પ્રયત્ન - તેથી જ ગંગાજીને પૃથ્વી પર આવવું જ પડ્યું. કોઈપણ કાર્ય જ્યારે સતત ચાલતું જ રહે ત્યારે તેને ભાગીરથીની ઉપમા અપાય. (નિરંતર કાર્ય ચાલુ જ હોય તેથી) (૨) B.A.P.S. સંસ્થા સિદ્ધાંતનિષ્ઠ સંસ્થા - આ સંસ્થાના વિકાસમાં અનેક પરિબળોનું પ્રદાન - તેમાં પણ સેવા એ આ સંસ્થાનું અજોડ પરિબળ - લાખો સંતો - હરિભક્તો - મુમુક્ષુઓ, સંસ્થા, સત્પુરુષ, ઈષ્ટદેવની સેવા માટે તત્પર. (પ્રસંગો લખવા) (૩) સેવાનો મહિમા અનેક ગણો - સેવા પણ મન, કર્મ, વચને સેવા - સેવાનો મહિમા કહેતા સત્પુરુષોના વિધાનો, કીર્તન, શ્લોક, સાખી વગેરે લખી શકાય. (૪) દરેક મુમુક્ષુ, હરિભક્ત કે સંત હોય પોતાના ગજા ઉપરાંતની સેવા કરવા તત્પર - ભગવાન અને સંતને, ગુરુને રાજી કરવા માટે પૂર્ણપણે તૈયાર વચનામૃતમાં સેવાના મહિમા પ્રમાણે 'શું ન થાય ?' આ દેહે કરીને તેવી અપ્રતિમ ભાવના (પ્રસંગો) (૫) સૌથી પ્રથમ તો દેહે કરીને સેવા કરનારા હરિભક્તો, કાર્યકરો, સંતોની ખૂબ મોટી સેના સ્વામીશ્રી દ્વારા તૈયાર. (પ્રસંગો) દેહે કરીને તનની સેવા - ધનની સેવા કરનારા પોતાનું જીવન-નિર્વાહની પણ ખેવના રાખ્યા વગર ધનની સેવા (પ્રસંગો લખવા) (૬) મને કરીને સંતને, ભગવાનને નિર્દોષ જાણવા તે પણ મોટી સેવા - વચને કરીને ભગવાન અને સંતના ગુણો ગાવા, ચરિત્રો કહેવા, કથા કરવી, મહિમાનો પ્રચાર કરવો વગેરે અમૂલ્ય સેવાઓ મુમુક્ષુઓ દ્વારા, સંતો દ્વારા ગંગાની જેમ વહ્યા જ કરે છે. (૭) સૌથી મોટી સેવા ધન, ધામ, કુટુંબ, પરિવાર સર્વસ્વનું સમર્પણ ભણેલ-ગણેલ શિક્ષિત કુટુંબનો આધાર સમાન યુવાન એકના એક દીકરાઓને સાધુ થવા માટે સમર્પિત કરવા તે અજોડ સેવા - માટે જ સંસ્થાને સેવાની ભાગીરથીનું બિરૂદ - કારણ અન્ય નદીઓ તો સમય જતાં સૂકાઈ જાય, પ્રવાહ ઘટી જાય, ઋતુ પ્રમાણે પ્રવાહમાં ફેરફાર થાય પરંતુ ભાગીરથી (ગંગા નદી) તો બારેમાસ એક સરખા પ્રવાહથી વહ્યા જ કરે છે. - ઉપસંહાર.

૩. **સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ : દિવ્યધામોનાં દર્શન (સ્વામિનારાયણ પ્રકાશ - એપ્રિલ - ૨૦૧૩, પા. નં. ૧૨ થી ૧૩)** (૧) સૃષ્ટિ પર જન્મ પામેલ મનુષ્ય મૃત્યુ બાદ ખરેખર ભગવાનના ધામને પામે છે ? શાસ્ત્રો દ્વારા આ વાતની પ્રતીતિ - પરંતુ તર્કશીલ મન, કલ્પના કરતું મન આ વાતમાં શંકાશીલ - શું ભગવાનના ધામ જેવું કાંઈ છે ? ભગવાનનાં ધામ જો હોય અને તેમાં

મૃત્યુ બાદ જીવ જતો હોય તેની સાબિતી શું, અનુભૂતિ શું ? કોઈએ તેની પ્રતીતિ તો કરાવી નથી. (૨) શાસ્ત્રોમાં અનેક અવતારોનાં - દેવોનાં ધામનાં વર્ણનો - દરેક દેવના ધામ અલગ-અલગ છે. - સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક ભગવાન સ્વામિનારાયણ દ્વારા આ વાતના ચોક્કસ પુરાવા - આ પુરાવા તે જ ભગવાન સ્વામિનારાયણની સર્વોપરિતાનું પ્રમાણ. (૩) શ્રીજીમહારાજનું આ પૃથ્વી પર પ્રાગટ્ય અલૌકિક - પૂર્વે ન દીઠાં હોય, ન સાંભળ્યા હોય તેવાં ચરિત્રો દ્વારા તેમના સ્વરૂપનો નિશ્ચય - બાળપણથી જ શ્રીહરિએ પોતાનાં માતુશ્રીને અનેક ધામોનાં દર્શન કરાવ્યાં હતાં - પુત્રને રમાડતાં માતાને વિચાર આવ્યો કે ઘનશ્યામના જન્મ સમયે દેવતાઓએ સ્તુતિ કરી હતી તે દેવતાઓનાં ધામો કેવાં હશે ? માતાના સંકલ્પને પકડીને ઘનશ્યામે તરત તેમને સમાધિમાં અનેક અવતારો અને તેમનાં ધામોનાં દર્શન કરાવ્યાં. શ્રીહરિલીલામૃત ૨/૧૧/૫૨-૫૩માં કહ્યું છે :

ત્યાં તો દીઠા હરિ તણા અવતાર સર્વે, મત્સ્યાદિ જે થઈ ગયા જગમધ્યે પૂર્વે

તેઓ મળી સ્તુતિ કરે ઘનશ્યામ કેરી, થૈ દીન પાન પ્રણયે હરિરૂપ હેરી.

''પ્રકૃતિપુરુષ ભક્તિમાતાને સંબોધીને કહે છે. આ શ્રીહરિ જે સુત છે તમારા, સદા નિયંતા તે પ્રભુ તે અમારા જે કૃષ્ણ આદિ અવતાર થાય, તે સર્વેનું કારણ આ ગણાય. હરિલીલામૃત ગ્રંથમાં પણ આજ ભાવને સ્વયં શ્રીહરિએ સમજાવ્યો છે.'' ઘણા અવતાર થયા છે વર્તમાન કાળે છે ને ભવિષ્યમાં થશે, તે સર્વેનો કારણ અવતારી તે હું જ છું, હું જ અક્ષરધામનો અધિપતિ અવતારી છું. (૫/૮/૩૨) (૪) ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતમાં નોંધે છે. 'રામાનંદ સ્વામીના દેહત્યાગ બાદ ફણેણીમાં શ્રીહરિએ અનેકને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ અવ્યાકૃત, બદરિકાશ્રમ વગેરે ધામ અને તેના અધિપતિનાં દર્શન કરાવ્યાં હતાં. આવો પ્રૌઢ પ્રતાપ જોઈ મુમુક્ષુઓ પોતાના મતનો ત્યાગ કરી શ્રીજીમહારાજનું શ્રીજી પ્રગટ પ્રમાણ ભજન કરતા હવા. (સ્વા.વા.૭/૩) સદ્‌ગુરુ તદ્રુપાનંદ સ્વામી દ્વારા પ્રસંગ : લીંબડી પાસે અંકલેશ્વર મહાદેવના મંદિરે સભામાં બેઠેલા વિપ્રોને તેમના સંકલ્પ પ્રમાણે 'શંકર-પાર્વતી', કાર્તિકેય, ગણેશ, ગંગાજી અને શિવના ગણ સહિત કૈસાસધામનાં દર્શન કરાવ્યાં. શ્રીમાળી બ્રાહ્મણોને સમાધિમાં તેમના સંકલ્પ પ્રમાણે ચર્તુભુજધારી મહાલક્ષ્મીનાં દર્શન કરાવ્યાં. શ્રીમાળી બ્રાહ્મણોને સમાધિમાં તેમના સંકલ્પ પ્રમાણે ચર્તુભુજધારી મહાલક્ષ્મીજીનાં દર્શન કરાવવાં. (તદ્રુપાનંદ સ્વામી વાત-૩૭) (૫) ઇતરધર્મીઓને પણ આ વાતની પ્રતીતિ કરાવી. સરખેજ ગામે રહેતા ડોસાભાઈને (મુસ્લિમ ભક્ત) શ્રીહરિએ પયગંબર અને અન્ય ધર્મોનું દર્શન કરાવ્યું હતું. આમ, શ્રીજીમહારાજે શાસ્ત્રોમાં વર્ણવેલાં તે ધામોની સત્યતાની પ્રતીતિ કરાવી. (૬) પરંતુ શ્રીજીમહારાજે દર્શન કરાવેલ આ ધામો શાશ્વત અને ચિરંતન સુખની અનુભૂતિ કરાવનારા નથી. ચિરંતન સુખની પ્રાપ્તિ માટે તો અક્ષરધામમાં જ જવું પડે કે જ્યાં ગયા પછી ક્યારેય આ જન્મ-મરણની ઘટમાળમાં પાછું આવવાનું રહેતું નથી. પરંતુ તેથી જ શ્રીજીમહારાજે પોતાની દિવ્ય કૃપાદૃષ્ટિ માત્રથી જ તે દિવ્ય અક્ષરધામની પણ અનુભૂતિ અનેકને કરાવી અને ગતિ પણ કરાવી.

❑ ❑ ❑